# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

## AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવ્યા છે. તેઓ ગાંધીનગરના અડાલજમાં 'સમૈયો મહોત્સવ'માં ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે શિક્ષાપત્રી લેખનના 200 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જમીયતપુરા રોડ પર પર્વ મેદાન ખાતે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીના આગમનને પગલે વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવાયો છે.

................................

## Navsari Terrorist

ગુજરાત આતંકવાદી વિરોધી દળે નવસારીના ચારપુલ વિસ્તારમાંથી જૈસ એ મોહંમદ અને અલ કાયદા સાથે સંકળાયેલા એક શંકાસ્પદ યુવાનની ધરપકડ કરી છે.

25મી જાન્યુઆરીએ આ વિસ્તારમાંથી ફૈઝાન શેખ નામના આરોપીની ધરપકડ કરી હતી. મૂળ ઉત્તરપ્રદેશના રામપુરનો વતની અને હાલમાં નવસારી રહેતો આ યુવાન પ્રતિબંધિત આતંકી સંગઠનો જૈશ એ મોહંમદ અને અલ કાયદાની કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત હોવાનું એટીએસની તપાસમાં જણાયું હતું.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે આતંકી પ્રવૃત્તિ હાથ ધરવા માટે ફૈઝાને ગેરકાયદે હથિયાર મેળવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે. એટીએસે તેની ધરપકડ કરી તેને હથિયાર કોણે પૂરાં પાડ્યા અને તેની સાથે અન્ય કોઈ સંકળાયેલું છે તેની તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

## GUJARAT Tableau

77મા પ્રજાસત્તાક પર્વમાં નવી દિલ્હીના કર્તવ્યપથ પર ગુજરાતના ટેબ્લોએ મુખ્ય આકર્ષણ જમાવ્યું હતું.

આ ટેબ્લોમાં 'વંદે માતરમ' ની 150મી વર્ષગાંઠના ઉપલક્ષમાં ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મેડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો સુભગ સમન્વય ટેબ્લોના માધ્યમથી રજૂ કરાયો હતો.

આ વર્ષે પ્રથમ વખત 'સાયલન્ટ વોરિયર્સ' તરીકે પક્ષીઓ, સૈન્ય શ્વાન ટુકડીઓ સલામી મંચ પાસેથી પસાર થઇ હતી. સીઆરપીએફની સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ સીઆરપીએફની પુરુષોની કન્ટીજન્ટનું નેતૃત્વ કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું.

. . . . . . . . . . . . .

# ARVALLI-TRAFFIC AWARNESS

અરવલ્લી જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ, મોડાસા શહેરમાં ટ્રાફિકનો  વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલવા માટે નગરપાલિકાના પ્રમુખની ઉપસ્થિતિમાં બે ટ્રાફિક ક્રેઈનને ફ્લેગઓફ કરાવવામાં આવી. શહેરના બસ સ્ટેન્ડ રોડ, શામળાજી રોડ અને મુખ્ય બજાર વિસ્તારમાં ટ્રાફિકનો સૌથી વધુ પ્રશ્નના ઉકેલનો નિવારણ લાવવા આજથી શરૂઆત કરાવીને ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા ઝુંબેશ શરુ કરવામાં આવી છે.. આ અંગે જિલ્લાના પોલીસવડાએ વધુ માહિતી આપી...

**(BYTE – MANOHARSINH JADEJA, SP, ARVALLI)**

. . . . . . . . . . . . .

# NAMO LAXMI YOJNA

"નમો લક્ષ્મી યોજના" હેઠળ રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૫-૨૬માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતી અંદાજે ૧૨ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને 1 હજાર 250 કરોડ રૂપિયાની સહાય કરશે તેમ, શિક્ષણ વિભાગે જણાવ્યું છે.

આ યોજનાનો લાભ રાજ્યની સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળા અથવા શિક્ષણનો અધિકાર અંતર્ગત ધોરણ-1 થી 8 નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ-૭માં પ્રવેશ મેળવેલ હોય અથવા ખાનગી પ્રાથમિક

શાળામાં ધોરણ-૪નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક 6 લાખ રૂપિયા કે તેથી ઓછી હોય તેવી ધોરણ-૭માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓ ‘નમો લક્ષ્મી યોજના’નો લાભ લઈ શકે છે.

. . . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR-KHATMUHURAT

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા ‘મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના’ અંતર્ગત કુલ ૧૦ કરોડથી વધુના ખર્ચે છોટાઉદેપુરના ભોરદલી ગામ ખાતે નિર્માણ થનારા બે મહત્વના બ્રિજનું ખાતમુહૂર્ત પ્રભારી મંત્રી અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી ડૉ.મનીષા વકીલના હસ્તે કરાયું.

આ પ્રસંગે શ્રીમતી વકીલે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટમાં બે બ્રિજોના નિર્માણથી ખડકવાડા, ભોરદલી અને બાલાવાંટ સહિતના આસપાસના અનેક ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને અવરજવર માટે બારેમાસ સુવિધા પ્રાપ્ત થશે.

. . . . . . . . . . . . . .

# SRN – SHALA VISIT

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ આજે સુરેન્દ્રનગરના મૂળી તાલુકાની ટીડાણા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. તેમણે

શિક્ષણની ગુણવત્તા અને શાળાકીય સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી. તેમણે શાળાની કમ્પ્યુટર લેબની મુલાકાત લઈ વિદ્યાર્થીઓના ટેકનિકલ જ્ઞાનની ચકાસણી સાથે ધોરણ-3 અને ૪ના વર્ગખંડોમાં જઈ વિદ્યાર્થીઓના વાંચન અને લેખન કૌશલ્યનું નિરીક્ષણ કર્યું તેમજ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# West Zone Inter University Cricket

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત ભાઈઓની વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધાની આજથી શરૂઆત થઈ છે. આ સ્પર્ધામાં પાંચ રાજ્યોની કુલ 154 યુનિવર્સિટીઓ ભાગ લઈ રહી છે, આજથી શરૂ થયેલી આ સ્પર્ધા દરમિયાન યુનિવર્સિટીના વિવિધ નવ જેટલા ગ્રાઉન્ડ પર દરરોજ 18થી વધુ મેચો યોજાશે. અંદાજે ૩ હજારથી વધુ ખેલાડીઓ માટે રહેવા, જમવા, પરિવહન તેમજ મેદાનની વ્યવસ્થા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .